सत्यमेव जयते


# જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, બનાસકાંઠા

## જિલ્લા સેવા સદન-૨, S-૨૧/૨જો માળ, જોરાવર પેલેસ કમ્પાઉન્ડ, પાલનપુર

**E-Mail :** dsobanaskantha06@gmail.com    ફોન નં.૦૨૭૪૨-૨૫૩૮૩૦


ક્રમાંક : જિ.ર.ગ.અ./ખેલ મહાકુંભ./ /૨૦૧૮-૧૯    તારીખ : ૦૬/૦૯/૨૦૧૮

પ્રતિ,

૧. પ્રિન્સીપાલશ્રી, કોલેજો તમામ, જિલ્લો બનાસકાંઠા,

૨. આચાર્યશ્રી, માધ્ય,.ઉ.મા.શાળાઓ તમામ, જિલ્લો બનાસકાંઠા,

૩. આચાર્યશ્રી, પ્રાથમિક શાળાઓ, તમામ, જિલ્લો બનાસકાંઠા.

**વિષય:- ખેલ મહાકુંભ-૨૦૧૮ શાળા/ગ્રામ્ય કક્ષાની સ્પર્ધાના આયોજન બાબત.**

ચાલુ વર્ષે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા ખેલ મહાકુંભ-૨૦૧૮ નું રજીસ્ટ્રેશન તા. ૦૨/૦૮/૨૦૧૮ થી ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં હાથ ધરવામાં આવેલ છે. ખેલ મહાકુંભનો હેતુ સ્પર્ધાના માધ્યમથી રમતગમતનું વાતાવરણ ઉભું થાય, રમતના ખેલાડીઓ રમતક્ષેત્રમાં આગળ આવીને પોતાના ગામ, શહેર, તાલુકા, જિલ્લા અને ગુજરાતને ગૌરવ અપાવવાની દિશામાં પ્રગતિ કરે તેમજ શારીરિક સ્વાસ્થ્યને તંદુરસ્ત રાખવાનો ઉમદા આશય છે.

આ ખેલ મહાકુંભમાં બહોળી સંખ્યામાં સ્પર્ધકો ભાગ લે તે હેતુથી પ્રથમ શાળા/ ગ્રામ્ય કક્ષાએ, ત્યારબાદ તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને છેલ્લે રાજ્ય કક્ષાએ વિવિધ ૩૪- રમતોનો ૭(સાત) વયજૂથમાં સમાવેશ કરી સ્પર્ધાઓ યોજવામાં આવનાર છે.

1. ખેલ મહાકુંભ-૧૮ અંતર્ગત પ્રથમ શાળા/ગ્રામ્ય કક્ષાએથી તારીખ ૧૯/૦૯/૨૦૧૮ થી તારીખ ૨૧/૦૯/૨૦૧૮ દરમિયાન દરેક શાળાઓમાં સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.
2. અં-૯, અં-૧૧ વયના બાળકો માટે ૩૦ મી દોડ, ૫૦ મી દોડ અને સ્ટેન્ડીંગ બ્રોડ જમ્પ, અં-૧૪, અં-૧૭ વયના બાળકો માટે એથ્લેટીક્સ, વોલીબોલ, કબડ્ડી, ખોખો, રસ્સાખેચ ની સ્પર્ધાઓનું આયોજન કરવાનું રહેશે.
3. તારીખ ૧૮/૦૯/૨૦૧૮ના દિવસે દરેક શાળાઓએ રજીસ્ટ્રેશન કરેલ દરેક ખેલાડીઓને સ્પર્ધાઓમાં ભાગ લેવરાવી "સ્પોર્ટસ ડે" ઉજવવાનો રહેશે.
4. શાળા/ગ્રામ્ય માંથી તાલુકાકક્ષાની સ્પર્ધામાં વ્યક્તિગત રમતમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવેલ ખેલાડીઓ ભાગ લેશે.
5. દરેક શાળાઓએ વ્યક્તિગત રમતમાં ૧ થી ૩ ક્રમે વિજેતા થયેલ ખેલાડીઓની તાલુકા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે ખેલ મહાકુંભની વેબસાઇટમાં જઇ પોતાની સ્કુલનું લોગ-ઇન કરી ઓનલાઇન એન્ટ્રી ફરજિયાત કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| જિલ્લા રમત ગમત અધિકારી | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી | જિલ્લા શિક્ષણાધિકારી |
| બનાસકાંઠા | બનાસકાંઠા | બનાસકાંઠા |

નકલ સવિનય રવાના જાણ સારૂ.

૧. કલેક્ટરશ્રી, બનાસકાંઠા પાલનપુર